*એમ. એસ. પટેલ*
*ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી*
*ઓફીસર અને અપીલ અધિકારી (RTI)*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)

## પ્રથમ અપીલ

**અરજી નં.SMC/INQ/FAP/NO.01,**
**૨૦૨૨–૨૩**

**અરજદાર : શ્રી તલ્હા ચાંદીવાલા**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** આઈ.ડી.નં.૩૧૨૯ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી નાગરિક સુવિધા કેન્દ્ર પત્ર ક્રમાંક :સી.સી.સી./સે.ઝોન/આઉટ/૩૧૨૯, તા.૩૦/૦૩/૨૦૨૨ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૫૦૫૪૪) જે અત્રેના ખાતાને તા.૩૦/૦૩/૨૦૨૨ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે માગ્યા મુજબની માહિતી મળેલ નથી અધુરી માહિતી મળેલ છે ખોટી માહિતી મળેલ છે અને આજ દિન સુધી નિરક્ષણ આપેલ નથી આજ દિન સુધી કોઈ યોગ્ય જવાબ કે માહિતી મળેલ નથી હોવાનું જણાવી **તા.૧૬/૦૬/૨૦૨૨ થી સમય મર્યાદા બાદ પ્રથમ અપીલ કરેલ છે.** જે અત્રેના ખાતાને તા.૨૦/૦૬/૨૦૨૨ ના રોજ મળેલ અપીલ અરજી બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૩૧૨૯ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી નાગરિક સુવિધા કેન્દ્ર પત્ર ક્રમાંક :સી.સી.સી./સે.ઝોન/આઉટ/૩૧૨૯, તા.૩૦/૦૩/૨૦૨૨ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૫૦૫૪૪) જે અત્રેના ખાતાને તા.૩૦/૦૩/૨૦૨૨ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે માગ્યા મુજબની માહિતી મળેલ નથી અધુરી માહિતી મળેલ છે ખોટી માહિતી મળેલ છે અને આજ દિન સુધી નિરક્ષણ આપેલ નથી આજ દિન સુધી કોઈ યોગ્ય જવાબ કે માહિતી મળેલ નથી હોવાનું જણાવી **તા.૧૬/૦૬/૨૦૨૨ થી સમય મર્યાદા બાદ પ્રથમ અપીલ કરેલ છે.** જે અત્રેના ખાતાને તા.૨૦/૦૬/૨૦૨૨ ના રોજ મળેલ, જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/NO.01/૨૦૨૨–૨૩ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ</u>–**

એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી નાગરિક સુવિધા કેન્દ્ર પત્ર ક્રમાંક :સી.સી.સી./સે.ઝોન/આઉટ/૩૧૨૯,તા.૩૦/૦૩/૨૦૨૨ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૫૦૫૪૪) જે અત્રેના ખાતાને તા.૩૦/૦૩/૨૦૨૨ નાં રોજ મળેલ છે. જે અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૭, તા.૨૦/૦૪/૨૦૨૨ થી નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| અરજીના મુદ્દા નં. | માંગેલી માહિતી | પૂર્તતા |
|---|---|---|
| ૧૫. | ઉમેશચંદ્ર બાબુભાઈ પટેલને નોકરી કાર્યકાળમાં નોટીસ કે ચાર્જશીટ અથવા મેમો મળ્યા હોય તેની માહિતીની ચકાસણી માટે નિરીક્ષણ આપો અને ફાઈલો નોટીંગ કરવા માટે સમય અને તારીખ આપો. | અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતા આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. અત્રેના ઈન્કવાયરી ખાતાની માહિતી "નીલ" છે. |
| ૧૬. | ઉમેશચંદ્ર બાબુભાઈ પટેલ વિરુધ્ધ સુરત મહાનગરપાલિકાના રજીસ્ટર ચોપડામાં નોંધાયેલ નોટીસ કે ચાર્જશીટ અથવા મેમો મળ્યા હોય તો તેની માહિતી ઈનવર્ડ અને આઉટવર્ડ નંબર, તારીખની સાથે માહિતી દર્શાવતા માહિતી પત્રકની નકલ અનુક્રમણિકામાં આપો. | |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૧૫ અને ૧૬ ની માંગણી કરેલ. પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબ " અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતા આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. અત્રેના ઈન્કવાયરી ખાતાની માહિતી "નીલ" છે." મુજબનો અરજદારનેપત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૭, તા.૨૦/૦૪/૨૦૨૨ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

૨...

**<u>સુનાવણીની વિગતો :–</u>**

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતાં પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

**<u>અપીલ અધિકારીનું તારણ :–</u>**

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૧૫ માં " ઉમેશચંદ્ર બાબુભાઈ પટેલને નોકરી કાર્યકાળમાં નોટીસ કે ચાર્જશીટ અથવા મેમો મળ્યા હોય તેની માહિતીની ચકાસણી માટે નિરીક્ષણ આપો અને ફાઈલો નોટીંગ કરવા માટે સમય અને તારીખ" તથા મુદ્દા નં. ૧૬ માં "ઉમેશચંદ્ર બાબુભાઈ પટેલ વિરુધ્ધ સુરત મહાનગરપાલિકાના રજીસ્ટર ચોપડામાં નોંધાયેલ નોટીસ કે ચાર્જશીટ અથવા મેમો મળ્યા હોય તો તેની માહિતી ઈનવર્ડ અને આઉટવર્ડ નંબર, તારીખની સાથે માહિતી દર્શાવતા માહિતી પત્રકની નકલ અનુક્રમણિકા" ની માંગણી કરેલ. પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબ " અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતા આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. અત્રેના ઈન્કવાયરી ખાતાની માહિતી "નીલ" છે " મુજબનો અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૭, તા.૨૦/૦૪/૨૦૨૨ થી જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય તથા સમયસર જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાય છે અને અરજદાર ધ્વારા **સમયમર્યાદા બાદ પ્રથમ અપીલ કરવાનું** કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી. તેથી હાલ અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય **અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. એસ. પટેલ )
ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૩૨૩
તા.૧૧/૦૭/૨૦૨૨

**પ્રતિ,**

(૧) શ્રી તલ્હા ચાંદીવાલા, ૧૨/૭૭૪, રાનીતળાવ, મોટી મસ્જિદની બાજુમાં, સુરત–૩૯૫૦૦૩
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ. એસ. પટેલ*
*ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી*
*ઓફીસર અને અપીલ અધિકારી (RTI)*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)

**પ્રથમ અપીલ**

**અરજી નં.SMC/INQ/FAP/NO.02,**
**૨૦૨૨–૨૩**

**અરજદાર : શ્રી કિરણસિંહ ચંપાવત**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** આઈ.ડી.નં.૨૪૦ જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ના પત્ર નં.સી./આર.ટી.આઈ./૨૪૦, તા.૧૨/૦૯/૨૦૨૨(કોમ્પ્યુટરઆઈ.ડી.નં.૩૦૦/૫૨૩૧૩) જે અત્રેના ખાતાને તા.૧૩/૦૯/૨૦૨૨ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે કોઈ પણ પ્રકારનો જવાબ આપેલ નથી હોવાનું જણાવી તા.૦૬/૦૯/૨૦૨૨ થી પ્રથમ અપીલ કરેલ છે. જે અત્રેના ખાતાને તા.૧૭/૦૯/૨૦૨૨ ના રોજ મળેલ અપીલ અરજી બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૨૪૦ જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ના પત્ર નં.સી./આર.ટી.આઈ./૨૪૦, તા.૧૨/૦૯/૨૦૨૨ (કોમ્પ્યુટરઆઈ.ડી.નં.૩૦૦/ ૫૨૩૧૩) જે અત્રેના ખાતાને તા.૧૩/૦૯/૨૦૨૨ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે કોઈ પણ પ્રકારનો જવાબ આપેલ નથી હોવાનું જણાવી તા.૦૬/૦૯/૨૦૨૨ થી પ્રથમ અપીલ કરેલ છે. જે અત્રેના ખાતાને તા.૧૭/૦૯/૨૦૨૨ ના રોજ મળેલ, જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/NO.02/૨૦૨૨–૨૩ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–**

જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ના પત્ર નં.સી./આર.ટી.આઈ./૨૪૦, તા.૧૨/૦૯/૨૦૨૨(કોમ્પ્યુટરઆઈ.ડી.નં.૩૦૦/ ૫૨૩૧૩) જે અત્રેના ખાતાને તા.૧૩/૦૯/૨૦૨૨ નાં રોજ મળેલ છે. જે અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૬૯, તા.૧૪/૦૯/૨૦૨૨ થી નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| અરજીના મુદ્દા નં. | માંગેલી માહિતી | પૂર્તતા |
|---|---|---|
| ૦૬. | તક્ષશીલા કાંડ (સુરત) સમયે બસંત પરીખ CFO ના ચાર્જમાં હતાં પરંતુ તેમની પાસે કોઈપણ જાતનો અનુભવ નહોતો જેના કારણે બાળકોનો ભોગ થયો હતો તો તેઓની સામે કોઈ ખાતાકીય પગલા લીધા કે કેમ ? | અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતા બસંત પરીખ CFO સામે કોઈ ખાતાકીય પગલા લેવામાં આવેલ નથી. |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૦૬ ની માંગણી કરેલ. પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબ " અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતા બસંત પરીખ CFO સામે કોઈ ખાતાકીય પગલા લેવામાં આવેલ નથી." મુજબનો અરજદારનેપત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૬૯, તા.૧૪/૦૯/૨૦૨૨ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

૨...

**<u>સુનાવણીની વિગતો :–</u>**

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતાં પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

**<u>અપીલ અધિકારીનું તારણ :–</u>**

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૦૬ માં " તક્ષશીલા કાંડ (સુરત) સમયે બસંત પરીખ CFO ના ચાર્જમાં હતાં પરંતુ તેમની પાસે કોઈપણ જાતનો અનુભવ નહોતો જેના કારણે બાળકોનો ભોગ થયો હતો તો તેઓની સામે કોઈ ખાતાકીય પગલા લીધા કે કેમ ? " ની સર્ટીફાઈડ નકલો આપવા જણાવેલ પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબ " અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતા બસંત પરીખ CFO સામે કોઈ ખાતાકીય પગલા લેવામાં આવેલ નથી." મુજબનો અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૬૯, તા.૧૪/૦૯/૨૦૨૨ થી જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય તથા સમયસર જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાય છે અને અરજદાર ધ્વારા **પ્રથમ અપીલ કરવાનું** કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી. તેથી હાલ અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દા નં. ૬ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય **અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને કરી શકશો.

વિકલ્પે

આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર Online બીજી અપીલ કરવા તમો હકકદાર છે.

(એમ. એસ. પટેલ )
ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૩૨
તા.૦૪/૧૦/૨૦૨૨

**પ્રતિ,**

(૧) શ્રી કિરણસિંહ ચંપાવત, બી/૪૦૮, પ્રિમીયમ હાઉસ, ગાંધીગ્રામ સ્ટેશનની પાસે, આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦૦૩૮

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ. એસ. પટેલ*
*ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી*
*ઓફીસર અને અપીલ અધિકારી (RTI)*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)

**પ્રથમ અપીલ**

**અરજી નં.SMC/INQ/FAP/NO.03,**
**૨૦૨૨–૨૩**

| | | |
|---|---|---|
| **અરજદાર** | : | **શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ, મો.ઈકબાલ શેખ** |
| **સામાવાળા** | : | **સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.** |

***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** આઈ.ડી.નં.૨૩૫૧ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૨૩૫૧, તા.૨૦/૦૧/૨૦૨૩ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૫૩૬૦૭) જે અત્રેના ખાતાને તા.૨૧/૦૧/૨૦૨૩ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે માંગ્યા મુજબની માહિતી આપેલ નથી. માહિતી જાણી જોઈને છુપાવવાનો આશ્રય માલુમ પડે છે એમ જણાવી તા.૦૯/૦૨/૨૦૨૩ થી પ્રથમ અપીલ કરેલ છે. જે અત્રેના ખાતાને તા.૧૪/૦૨/૨૩ ના રોજ મળેલ અપીલ અરજી બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારોએ અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૨૩૫૧ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૨૩૫૧, તા.૨૦/૦૧/૨૦૨૩ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૫૩૬૦૭) જે અત્રેના ખાતાને તા.૨૧/૦૧/૨૦૨૩ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે માંગ્યા મુજબની માહિતી આપેલ નથી. માહિતી જાણી જોઈને છુપાવવાનો આશ્રય માલુમ પડે છે એમ જણાવી તા.૦૯/૦૨/૨૦૨૩ થી પ્રથમ અપીલ કરેલ છે. જે અત્રેના ખાતાને તા.૧૪/૦૨/૨૩ ના રોજ મળેલ, જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/NO.03/૨૦૨૨–૨૩ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–**

જાહેર માહિતી અધિકારી નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૨૩૫૧, તા.૨૦/૦૧/૨૦૨૩ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૫૩૬૦૭) જે અત્રેના ખાતાને તા.૨૧/૦૧/૨૦૨૩ નાં રોજ મળેલ છે. જે અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૩૨, તા.૦૧/૦૨/૨૦૨૩ થી નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| **અરજીના મુદ્દા નં.** | **માંગેલી માહિતી** | **પૂર્તતા** |
|---|---|---|
| ૧ | એસ. એસ. આઈ શ્રી અમિત કુરેલીયાને તાકીદે ફરજ પર પુનઃસ્થાપિત કરવા બાબત. | એસ. એસ. આઈ શ્રી અમિત કુરેલીયાને ફરજ પર પુનઃસ્થાપિત કરવાની કાર્યવાહી ચાલુ હોય, આર.ટી.આઈ.ની કલમ ૮ (૧) (ટ) હેઠળ માહિતી આપી શકાય એમ નથી. |

અરજદારોની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૦૧ ની માંગણી કરેલ. પરંતુ ઉપર અરજદારોને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબ " એસ. એસ. આઈ શ્રી અમિત કુરેલીયાને ફરજ પર પુનઃસ્થાપિત કરવાની કાર્યવાહી ચાલુ હોય, આર.ટી.આઈ.ની કલમ ૮ (૧) (ટ) હેઠળ માહિતી આપી શકાય એમ નથી." મુજબનો અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૩૨, તા.૦૧/૦૨/૨૦૨૩ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

૨...

**<u>સુનાવણીની વિગતો :–</u>**

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતાં પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

**<u>અપીલ અધિકારીનું તારણ :–</u>**

અરજદારોની નમુના–ક ની અરજીની વિગતોમાં કમિશ્નરશ્રીને લખેલ આવેદન પત્ર તા.૨૧/૧૦/૨૦૨૨ (મુદ્દા પાંચ) માહિતીની માંગણી કરેલ છે તે અંગે અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં. ૦૧ માં " એસ. એસ. આઈ શ્રી અમિત કુરેલીયાને તાકીદે ફરજ પર પુનઃસ્થાપિત કરવા બાબત" ની માહિતી માંગેલ પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબ " એસ. એસ. આઈ શ્રી અમિત કુરેલીયાને ફરજ પર પુનઃસ્થાપિત કરવાની કાર્યવાહી ચાલુ હોય, આર.ટી.આઈ.ની કલમ ૮ (૧) (ટ) હેઠળ માહિતી આપી શકાય એમ નથી." મુજબનો અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૩૨, તા.૦૧/૦૨/૨૦૨૩ થી જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

વધુમાં, અરજદારોએ માંગેલ માહિતી વ્યકિતગત અંગત માહિતી હોય, "નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો. માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ ઉપરના ચુકાદા અનુસાર આપી શકાય નહી."

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારોની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય તથા સમયસર જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાય છે અને અરજદારો ધ્વારા **પ્રથમ અપીલ કરવાનું** કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી. તેથી હાલ અરજદારો અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારોની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દા નં. ૧ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય **અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને કરી શકશો.

વિકલ્પે

આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર Online બીજી અપીલ કરવા તમો હકકદાર છે.

(એમ. એસ. પટેલ )
ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૧૦૧૭
તા.૦૩/૦૩/૨૦૨૩

**પ્રતિ,**

(૧) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ, મો.ઈકબાલ શેખ, ૧૪, ગ્રા.ફલોર, SMC મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.